**વડોદરા જિલ્લાના મહેરબાન ૧૮માં એડીશ્નલ સીનીયર સિવીલ જજ તથા એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (આર.બી.સોલંકી) સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ:-વડોદરા.**

| | | |
|---|---|---|
| ફોજદારી કેસ નંબર | :: | ૫૬૫૩ /૨૦૨૧ |
| આંક | :: | |

| | |
|---|---|
| **ફરિયાદી :-** | **શ્રી સરકાર** |

**:: વિ રૂ દ્ધ ::**

| | |
|---|---|
| **આરોપી :-** | કુલદિપ વિજયસિંહ ગોહિલ,ઉ.વ.૨૧<br>રહે.બી/૬૫, ચન્દ્રમોલેશ્વરનગર,<br>ગોત્રી રોડ,વડોદરા. |

**ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, ૨૬૯ તથા જી.પી.એકટ કલમ-૭૦ મુજબ.**

## :: ચુ કા દો ::

(૧) સદર કામે ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮,૨૬૯ તથા જી.પી.એકટની કલમ-૭૦ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) સદર કામે ચાર્જશીટ રજુ થતાં ફોજદારી કાર્યરીતિની કલમ-૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપી સામે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૪ અન્વયે સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં,આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ છે. સદર કામના આરોપી હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૫૧ અન્વયે પ્લી નોંધતા તેમાં પણ આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, પોતે અનિવાર્ય કારણસર મોં ઉપર માસ્ક પહેર્યા વગર બહાર નીકળેલાનો અને અને પોતાને કોઈ ગુનો કરવાનો ઈરાદો ન હોવાનું તેમજ ભુલથી જાહેરનામાનો ભંગ થયેલ હોવાનું અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહિત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. **(P.T.O.)**

**ORDER**

(૩) ઉપરોકત રેકર્ડ પર રજુ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં હાલના આરોપીનું નિવેદન ધ્યાને લેતાં તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઈએ તેને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી, આરોપીએ ભુલથી જાહેરનામાનો ભંગ કરેલ છે અને સ્વૈચ્છાએ ગુનો કબુલ કરેલ છે. આમ, ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે. તેમ છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતા હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવેલ છે. આમ, આરોપીની રજુઆત તેમજ તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને કેસના જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતને ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કિસ્સો જણાય છે. આમ, હાલના કામે આરોપીની કબુલાતને ધ્યાને લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## //હુકમ//

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮, ૨૬૯ તથા જી.પી.એકટની કલમ–૭૦ મુજબના ગુનામાં સંયુકત રીતે તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા)** નો દંડ ફરમાવવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો **દિન–૩** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. માહે : સને : **૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને મારી સહીથી જાહેર કર્યો.

તા. / /૨૦૨૧
**વડોદરા.**

**( આર. બી. સોલંકી )**
૧૮માં એડી.સિનિ.સિવીલ જજ
કોર્ટ નં.૧૮,વડોદરા
કોડ નં.જીજી૦૧૦૦૯

**ORDER**